# "કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારા ખાતે પ્રગતિશીલ ખેડૂત સંમેલન કાર્યક્રમ યોજાયો"

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ–ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી–નવસારી દ્વારા સંચાલિત તાપી જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર દ્વારા તા. ૩૧/૧૨/૨૦૧૯ના રોજ 'પ્રગતિશીલ ખેડૂતોનું સંમેલન' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમમાં કુલ ૬૮ ખેડૂત ભાઈ–બહેનો, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, પોલીટેકનીક કોલેજ – વ્યારાના અધિકારીશ્રીઓ અને બાગાયત ખાતાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ.સી.ડી.પંડયાએ મહેમાનોને આવકારી પ્રગતિશીલ ખેડૂત સંમેલન વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. તેમણે સફેદ મરચાંના પાવડરનાં મહત્વ વિશે તથા જુદા જુદા ગ્રામ્ય સ્તરના સંશોધનોનું મહત્વ સમજાવી ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમમાં પધારેલ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી ડૉ. નૌશાદ પરવેઝ, વરિષ્ઠ અધ્યેતા, એન.આઈ.એફ.(NIF) દ્વારા નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનનો પરિચય આપવામાં આવ્યો હતો તેમજ એન.આઈ.એફ.(NIF) દ્વારા મળતા જુદા જુદા એવોર્ડ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યાં હતાં અને ભારતના દરેક ખેડૂત ભાઈઓ–બહેનો રોજીંદા જીવનમાં આવતી સમસ્યાઓનું સર્જનાત્મક વિચારોથી નિરાકરણ કરે તથા એન.આઈ.એફ. તરફથી મળતા એવોર્ડનો લાભ લેવા માટે પ્રેરિત કર્યા હતા. ડૉ. પાર્થ દવે દ્વારા જુદા જુદા ઈનોવેશનના ઉદાહરણો આપી ખેડૂતોને સરળ ભાષામાં એન.આઈ.એફ. દ્વારા બાળકો માટે યોજવામાં આવતી ઈગ્નાઈટ સ્પર્ધા તથા ઈન્સ્પાયર સ્પર્ધા અંગે માહિતગાર કરવામાં આવ્યાં હતા. કાર્યક્રમના અતિથી વિશેષશ્રી ડૉ. વી. પી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર દ્વારા ખેડૂતો પોતાની સમસ્યાઓ સમજે અને તેને પોતાના સર્જનાત્મક વિચારોથી ઉકેલ લાવે એ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અતિથિ વિશેષ ડૉ. એન. એમ. ચૌહાણ, પ્રિન્સીપાલશ્રી, પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, વ્યારા દ્વારા તાપી જિલ્લાના ખેડૂતોની ક્ષમતાને તથા તેમની કાર્યશૈલીને સર્જનાત્મક બનાવી એવોર્ડ પ્રાપ્ત કરે એ અંગે પ્રોત્સાહન પુરું પાડયું હતું.

કાર્યક્રમ દરમિયાન ખેડૂતો દ્વારા કરવામાં આવતી જુદા જુદા પાકોની ૭૭ લોકલ જાતોનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું અને એન.આઈ.એફ. (NIF) દ્વારા વિવિધ પુરસ્કૃત ગ્રામ્યસ્તરના સંશોધનો પણ પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર વિધિ પ્રો. કે. એન. રણા, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) દ્વારા કરવામાં આવ્યું હતું.


તૃણમુલ નવપ્રવર્તનોનો પ્રસાર અને
જાગરૂકતા કાર્યક્રમ


તૃણમુલ નવપ્રવર્તનોનો પ્રસાર અને
જાગરૂકતા કાર્યક્રમ
National Innovation Foundation – India
"પ્રગતિશીલ ખેડૂતોનું સંમેલન"


તૃણમુલ નવપ્રવર્તનોનો પ્રસાર અને
જાગરૂકતા કાર્યક્રમ
"પ્રગતિશીલ ખેડૂતોનું સંમેલન"
તૃણમુલ નવપ્રવર્તનોનો પ્રસાર અને
જાગરૂકતા કાર્યક્રમ


તૃણમુલ નવપ્રવર્તનોનો પ્રસાર અને
જાગરૂકતા કાર્યક્રમ
તારીખ : 27-12-2019 to 01-01-2020
"પ્રગતિશીલ ખેડૂતોનું સંમેલન"


તૃણમુલ નવપ્રવર્તનોનો પ્રસાર અને
જાગરૂકતા કાર્યક્રમ
"પ્રગતિશીલ ખેડૂતોનું સંમેલન"


તૃણમુલ નવપ્રવર્તનોનો પ્રસાર અને
જાગરૂકતા કાર્યક્રમ
"પ્રગતિશીલ ખેડૂતોનું સંમેલન"


તૃણમુલ નવપ્રવર્તનોનો પ્રસાર અને
જાગરૂકતા કાર્યક્રમ
150









